# દેશના ઈતિહાસમાં યુપીએ સૌથી ભ્રષ્ટ સરકાર : રવિશંકરનો દાવો

અમદાવાદ, તા.૧૫

રાજયસભા વિરોધપક્ષના ઉપનેતા અને ભાજપના રાષ્ટ્રીય અગ્રણી રવિશંકર પ્રસાદે આજે ભ્રષ્ટાચારના પરિષદમાં ભ્રષ્ટાચારના મામલે વડાપ્રધાન મનમોહનસિંહને સીધા નિશાન બનાવી કેન્દ્રની યુપીએ સરકારની આકરી ટીકા કરી હતી. તેમણે આ કૃત્યો કર્યા હતા. આ પ્રકરણમાં શંકાની સોય સીધી વડાપ્રધાન ઉપર જાય છે. આ પ્રકરણમાં વડાપ્રધાને વિના વિલંબે રાજીનામું આપી દેવું જોઈએ



મામલે કેન્દ્રની યુપીએ સરકારની સખ્ત શબ્દોમાં ઝાટકણી કાઢતા જણાવ્યું હતું કે સોનિયા ગાંધી અને ડૉ. મનમોહનસિંહના નેતૃત્વ વાળી હાલની યુપીએની સરકાર આઝાદ ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીના સહુથી ભ્રષ્ટ સરકાર તરીકે ઉપસી આવી છે. યુપીએ સરકારના ભ્રષ્ટાચારના વિરોધમાં ભાજપ દેશભરમાં નિર્ણાયક સંઘર્ષ કરશે. આ ઉપરાંત તેમણે વડાપ્રધાન પદને ઉમેદવાર ભાજપનો જ હશે તેવી સ્પષ્ટતા સાથે એનડીએના સાથી પક્ષોને આ સંદર્ભમાં વીટો પાવર નહિ વાપરવાની સીધી ચેતવણી પણ આપી હતી. કેન્દ્રની યુપીએ સરકારના ભ્રષ્ટાચારના વિરોધમાં ભાજપ દ્વારા ૨૭મેથી ૨ જૂન દરમિયાન દેશભરમાં જેલભરો આંદોલન કરવામાં આવશે. આ સંદર્ભમાં આજે અમદાવાદ આવી પહોચેલા ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી અને રાજ્યસભા વિરોધપક્ષના ઉપનેતા રવિશંકર પ્રસાદે આજે એક પત્રકાર જણાવ્યું હતું કે અત્યારે કેન્દ્રની યુપીએ સરકારના એક પછી એક એટલા બધા આર્થિક ગોટાળા અને ભ્રષ્ટાચાર બહાર આઓવી રહ્યા છે કે કેન્દ્રિય કાનૂનમંત્રી અશ્વિની કુમારના રાજીનામા અંગે સંસદમાં ચર્ચા ચાલતી હતી ત્યાં બોનસમાં કોલગેટ કૌભાંડ અમારા હાથ લાગ્યું. આજે રાત્રે હું દિલ્હી પીછો ફરીશ ત્યારે ફરી કોઈ નવું કૌભાંડ બહાર આવ્યું હશે.

આ સંદર્ભમાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે બહુચર્ચિત કોલસા કૌભાંડનો રેલો સીધો વડાપ્રધાનના દરવાજા સુધી પહોંચ્યો છે. હવે એ બધુ જગજાહેર થઈ ચૂક્યું છે કે અશ્વિનીકુમારે સીબીઆઈના રિપોર્ટ સાથે ચેડા કર્યા હતા અને વડાપ્રધાનના એ જોઈન્ટ સેક્રેટરીઓએ પણ રિપોર્ટ બદલવાના પ્રયાસ કર્યા આ તેમ ખુદ સીબીઆઈએ તેના રિપોર્ટમાં કહ્યું છે. હું પુછવા માંગુ છું કે અશ્વિની કુમાર અને જોઈન્ટ સેક્રેટરીએ કોના ઈશારે તેવી ભાજપ માંગણી કરે છે. તેમણે એવો પણ વ્યંગ કર્યા હતા કે વડાપ્રધાન એક સારા શાસ્ત્રી છે અને પ્રમાણિક હોવાની છાપ ધરાવે છે તેમના શાસનમાં દેશની કેવી આર્થિક દુર્દશા થઈ છે તે સહુ જાણે છે અને તેમની પ્રમાણિક છબી સાથે ભારત વિશ્વમાં સહુથી ભ્રષ્ટ દેશ તરીકે ઉપસી આવ્યું છે.

વર્ષ ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી જીત્યા બાદ ત્રણ મહિનામાં મોંઘવારી ઘટાડવા અંગે સોનિયા ગાંધી અને વડાપ્રધાને દેશની પ્રજાને આપેલા બચતની યાદ અપાપતા "કયા હુઆ તેરા વાદા" કહી રવિશંકર પ્રસાદે સોનિયા તથા મનમોહન ઉપર આર્થિક પ્રહાર કર્યા હતા. તેમણે ચીનના મુદ્દે પણ કેન્દ્ર સરકાર પર તીખા પ્રહારો કરતા જણાવ્યું હતું કે ચીન સાથે આપણે સમજુતી કરી છે કે ઘુટણીએ પડ્યા છીએ તે અંગે સરકારે પ્રજા સમક્ષ ખુલાસો કરવો જોઈએ.

## બેચરાજી તાલુકાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

મહેસાણા, તા. ૧૫

લોકોની ફરીયાદોના નિરાકરણ માટે મુખ્યમંત્રીશ્રીના અભિગમને અનુરૂપ બેચરાજી તાલુકા કક્ષાનો ફરીયાદ નિવારણ કાર્યક્રમ ૨૨ મે ૨૦૧૩ના રોજ યોજાનાર છે. આ કાર્યક્રમમાં પોતાના પ્રશ્નો રજુ કરવા માંગતા અરજદારો ૧૭મે ૨૦૧૩ સુધીમાં મામલતદાર કચેરી બેચરાજીને પોતાના પ્રશ્નો મોકલી આપવાના રહેશે તેમ મામલતદાર બેચરાજીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## શિશુવિહાર ભાવનગરમાં કૌશલ્ય કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૧૫

૯મી એપ્રિલથી પ્રારંભ થયેલ જીવન શિક્ષણ તાલીમ વર્ગમાં ચિત્ર, યોગ, હસ્તકલા, બ્યુટીપાર્લરના વિવિધ ૨૨ કૌશલ્યમાં ૧૦૯૮ બાળકોએ ભાગ લીધો હતો. આશા ઝવેરી ફાઉન્ડેશનના સહયોગથી યોજાતા પ્રવૃત્તિથી સિવણની શૃંખલા શિશુવિહાર ૧૯૪૦થી ચલાવે છે. ધારાસભ્ય વિભાવરીબેન દવે સૌરાષ્ટ્ર આસપાસના મીડિયા તંત્રીઓ રાજેશભાઈ જોશી, જયેશભાઈ દવે હાજર રહ્યા હતા.

# પૂના તલાવડી વિસ્તારમાં રોગચાળો ફેલાતા ભાજપ અને પ્રજાતંત્ર પાર્ટી તંત્રને આવેદનપત્ર આપ્યું

દહેગામ, તા.૧૫

દહેગામ શહેરના નગરપાલિકા વિસ્તારના વૉર્ડ નં. ૫, જી.આઈ.ડી.સી.ના પાછળના ભાગે આવેલ પુના તલાવડી સ્લમ વિસ્તારમાં ગટર તથા પાણીની લાઈનો કામ ચલાઉ ધોરણે ખોટી રીતે નાંખવામાં આવેલ હોવાના કારણે પાણીની લાઈનોમાં ગંદુ પાણી ભળી જવાના કારણે શ્રમજીવી વર્ગના વિસ્તારમાં ઝાડા - ઉલ્ટીના કારણે આશરે ૭૦ જેટલા કેસ દહેગામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં નોંધાયા હતા. અને જેમાં એક મહિલા અને એક બાળકનું રોગચાળાના કારણે મોત નિપજેલ હતું.

દહેગામ નગરપાલિકા દ્વારા આ વિસ્તારમાં ગટર અને પાણીની અવ્યવસ્થાના અભાવે ગરીબ શ્રમજીવી વર્ગ સાથે ભેદભાવ ભરી નીતિ અપનાવી હોવાના કારણે આ વિસ્તારમાં રોગચાળો ફાટી નિકળેલ છે. જેની સંપૂર્ણ જવાબદારી દહેગામ નગરપાલિકા અને ગુજરાત સરકારની છે. જે બાબતે તાત્કાલિક ચોક્સાઈ પૂર્વક તપાસ હાથ ધરવી જોઈએ અને મૃતકોના વારસદારોને યોગ્ય સહાય મળવી જોઈએ.

દહેગામ નગરપાલિકાના સ્લમ વિસ્તારો જેમ કે, રબારી વાસ, પાલૈયા વાસ, ગુજરાત હાઉસીંગ



બોર્ડ, સાત ગરનાળા, રસીના કારખાના પાસે સરાગીયા વાસ, વાલ્મીકી વાસ વગેરે વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના ગંદા પાણી ઉભરાતાં હોવાને કારણે ભવિષ્યમાં આ વિસ્તારોમાં પણ રોગચાળો ફેલાય તેવી દહેશત વર્તાઈ રહી છે.

આ અંગેનું આવેદનપત્ર આપવા માટે દહેગામ મામલતદાર તથા દહેગામ નગરપાલિકાના પ્રમુખને દહેગામ શહેર ભાજપના પ્રમુખ બિમલભાઈ અમીન, દહેગામ શહેર પૂર્વ પ્રમુખ મનુસુખભાઈ પટેલ, દહેગામ શહેર મહામંત્રી નાગજીભાઈ રબારી તથા શહેર મહામંત્રી મનીષભાઈ શાહ તથા વિપક્ષના નેતા કમલેશભાઈ અમીન, ઘનશ્યામભાઈ બ્રહ્મભટ્ટ, સદસ્ય રોહિતભાઈ પંચાલ, શશીકાંત અમીન, વનરાજસિંહ, દહેગામ શહેર ઉપપ્રમુખ ગોપાલભાઈ બારોટ તથા શહેર ઉપપ્રમુખ રાજેન્દ્રસિંહ તથા ભાજપના અસંખ્ય કાર્યકરો હાજર રહીને આ કાર્યને ઝડપી અને ત્વરિત નિર્ણય લેવાય તેવું જણાવ્યું હતું. સર્વ કાર્યકર્તાઓ ભાજપ દ્વારા મોં ઉપર કાળી પટ્ટી બાંધી રેલી સ્વરૂપે આવેદનપત્ર આપ્યું હતું.

પ્રજાતંત્ર આધાર પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજેશ મૌર્યએ સ્લમ વિસ્તારના નાગરિકોને સાથે રાખી આવેદનપત્ર આપ્યું હતું.

## મહેસાણામાં અનુસૂચિત જાતિ ૨૨૭ લાભાર્થીઓને સહાય અપાઈ

મહેસાણા, તા. ૧૫

મહેસાણા અને પાટણ જિલ્લાના ૨૨૭ લાભાર્થીઓને ૧ કરોડ ૬૫ લાખથી વધુ સહાયની વિવિધ યોજનાઓના સાધન સહાય ૧૫૦૩ લાભાર્થીઓને સીધા ધિરાણની સબસીડી યોજનાઓનું ચેક વિતરણ નાણાંમંત્રી નિતીનભાઈ પટેલ, સામાજિક ન્યાય અધિકારીના મંત્રી રમણલાલ વેરા હસ્તે કરાયું હતું. આ સહાયમાં ૨ લેપટોપ, ૩૭ નાના પાયાના વ્યવસાય ૭૦ માઈક્રોફાઈનાન્સ યોજના, ૮૫ મહિલા સમૃદ્ધિ યોજના, ૬ ફોર વ્હીલર ૨૭ પેસેન્જર રીક્ષાનું વિતરમ કરવામાં આવ્યું હતું.

અનુસૂચિતજાતિ વિકાસ કોર્પોરેશનના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાએ સ્વાગત પ્રવચન તથા નિગમથી માહિતી આપી હતી. આભાર વિધિ કોર્પોરેશનના એમ.ડી. આર.એમ. જાદવે કરી હતી. પદાધિકારીઓ, ઉચ્ચઅધિકારીઓ હાજર રહ્યા હતા.

## પ્રાંતિજના ઉછા ગામના સ્મશાનમાંથી લોખંડની ગડરો ચોરાઈ

પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજ તાલુકા ઉછા ગામના સ્મશાનમાંથી રાત્રીના સમયે અજાણ્યા ચોર ઈસમો ચિતા માટે ગોઠવવામાં આવતી લોખંડની ગડરો ચોરી પલાયન થઈ ગયા છે. બનાવની ફરિયાદ પ્રાંતિજ પોલીસમથકે નોંધાઈ છે.

પ્રાંતિજના ઉછા ગામના સ્મશાનમાંથી દસ દિવસ અગાઉ રાત્રીના સમયે ચોર ઈસમોએ સ્મશાનમાં પ્રવેશ કરી લોખંડની ગડરો રૂ. ૩૫૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઉછા ગામના સરપંચ જયંતિભાઈ કાળીદાસ પટેલે પ્રાંતિજ પોલીસમથકે પાંચ વ્યક્તિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં રાજેશભાઈ ભક્તિભાઈ પટેલ, વિજયભાઈ જયદેવભાઈ બારોટ, દશરથભાઈ બદાજી મકવાણા, દિપાજી ખોરાજી મકવાણા, રણજીતભાઈ નેનાજી મકવાણા, પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાતની કેસર કેરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. એક અંદાજ મુજબ અત્યાર સુધી ગલ્ફના દેશોમાં ૪૫ હજાર કિલો અને યુરોપમાં પાંચ હજાર કિલો કેસર કેરીની નિકાસ થઈ ગઈ છે. દરિયાઈ માર્ગે સૌથી વધુ અખાતી દેશોમાં કેસર કેરી પહોંચી રહી છે. ગલ્ફના દેશો અને યુરોપીય દેશોમાં ૫૦૦ થી ૬૦૦ રૂ.ના ૧૦ કિલોના બોક્સની નિકાસ થઈ રહી છે. હજુ પણ ડિમાન્ડ ચાલુ જ હોવાથી સીઝન પૂર્ણ થાય ત્યાં સુધી કેસરની નિકાસ ચાલુ રહેશે.

કેસર કેરીની સૌથી વધુ આવક ધરાવતા તલાલા માર્કેટયાર્ડમાં ૧૬મી એપ્રિલથી હરાજી શરૂ કરવામાં આવી છે. અહીં અત્યાર સુધી ૮૦ હજાર બોક્સની આવક થઈ ચુકી છે. હાલમાં દરરોજ દસ હજાર બોક્સની આવક છે. મે ના ત્રીજા અઠવાડિયામાં કેસરની આવક વધશે અને તે પ્રતિદિન ૨૦ હજાર સુધી પહોંચવાની સંભાવના છે. વરસાદ ઓછો હોવા છતાં આ વર્ષે કેસરનું ઉત્પાદન સારૂ છે.

યુરોપ અને ગલ્ફના દેશો ઉપરાંત છેક અમેરિકા સુધી પણ કેસરની નિકાસ થાય છે. ત્યાં સુધી પહોંચતા તે બગડે નહી તે માટે નિકાસ પહેલા તેના પર ખાસ પ્રોસેસ કરવામાં આવે છે. મહારાષ્ટ્રમાં આ પ્રોસેસની સુવિધા ઉપલબ્ધ હોવાથી મહારાષ્ટના ઘણા વેપારીઓ પણ સૌરાષ્ટ્ર આવી રહ્યા છે.



દેનાબેંક દ્વારા ડૉક્ટરો માટે સેમીનાર યોજાયો

દેનાબેંકની સ્થાપનાના પ્લેટીનમ જ્યુબીલી વર્ષ (૧૯૩૮-૨૦૧૩) અંતર્ગત 'ફાયનાન્સીયલ મેનેજમેન્ટ ફોર ડૉક્ટર્સ' અંગેનો સેમીનાર હોટલ હવેલી ખાતે તાજેતરમાં યોજાઈ ગયો. હોટલ હવેલી ખાતે યોજાયેલ આ સેમીનારમાં શહેરના ડૉક્ટરો ઈન્ડીયન મેડીકલ એસોસીયેશનના નેજા હેઠળ ઉપસ્થિત રહ્યા હતા. બેંકના ઉપસ્થિત અધિકારીઓ દ્વારા ડૉક્ટરો માટે કયા પ્રકારની લોન સુવિધા ઉપલબ્ધ છે અને બેંકની વિવિધ સ્કીમોની સવિસ્તાર માહિતી આપી હતી. આ પ્રસંગે દેનાબેંકના રીજીયોનલ મેનેજર એમ.એસ. શાહ, દેનાબેંકના ચીફ મેનેજર એસ.એમ. વ્યાસ સહિત બેંકના અન્ય અધિકારીગણ તેમજ મોટી સંખ્યામાં ડૉક્ટરો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# બાપુનગરમાં નિર્દયરીતે માર મારતા એકનું કરૂણ મોત થયુ

અમદાવાદ, તા.૧૫

શહેરના બાપુનગર વિસ્તારમાં વ્યાજ પર લીધેલા નાણાં પરત ન આપી શકતા એક વ્યક્તિનું અપહરણ કરવામાં આવ્યા બાદ નિર્દયરીતે માર મારવામાં આવ્યા બાદ તેમનું મોત થતાં સનસનાટી મચી ગઈ છે. આ સંબંધમાં બાપુનગર પોલીસે ઉંડી તપાસ હાથ ધરી છે. વ્યાજ ઉપર નાણાં આપનાર લોકોને પણ સકંજામાં લેવા તપાસ હાથ ધરાઈ છે. આ બનાવથી બાપુનગરમાં લોકોમાં ભારે ચર્ચા રહી હતી.

બાપુનગર વિસ્તારમાં છુટક મજુરી કામ કરનાર પ્રકાશભાઈએ આરોપી યોગીનભાઈ ભટ્ટ પાસેથી રૂપિયા ૨૮૦૦૦ વ્યાજે લીધા હતા. આ રૂપિયા પ્રકાશભાઈ આપી ન શક્યા હોવાથી યોગીનભાઈ ભટ્ટ અને રાજદીપ તેમજ અન્ય બે માણસો વ્યાજે લીધેલા રૂપિયા ઉઘરાણી કરવા માટે આવીને પ્રકાશભાઈ વર્માનું અપહરણ કરીને ઓટો ફાઈનાન્સની ઓફીસમાં લઈ ગયા હતા અને ત્યાં ગોંધી રાખ્યા હતા. તેમજ ઢોર માર મારીને પ્રકાશભાઈનું મોટર સાઈકલ મંગાવીને જપ્ત કરીને પ્રકાશભાઈને છોડી મુક્યાં હતા. ઘરે આવીને પ્રકાશભાઈ વર્માનું મુઢ માર મારવાના કારણે મોત નિપજ્યું હતું. આથી પ્રકાશભાઈના નાના ભાઈ રાકેશભાઈ કેદારનાથ વર્માએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતા વધારે તપાસ પોલીસે આદરી છે.

રામદેવ નગર શીવાનંદ પાસે બાપુનગર વિસ્તારમાં રહેતા રાકેશભાઈ કોદારનાથ વર્માના મોટાભાઈ ગ્યાદીન ઉર્ફે પ્રકાશભાઈ કેદારનાથ વર્મા(ઉ.વ.૪૦) એ યોગીનભાઈ ભટ્ટ પાસેથી રૂપિયા ૨૮૦૦૦ વ્યાજે લીધા હતા. આ રૂપિયાની ઉઘરાણી કરવા માટે તા-૧૪-૫-૧૩ના રાતના ૧૧ વાગ્યાના સુમારે યોગીન ભટ્ટ, રાજદીપ અને અન્ય બે વ્યક્તિઓ આવ્યા હતા. અને પ્રકાશભાઈ વર્માનું અપહરણ કરીને ઓઢવ પંચદેવ મંદિર પાસે રાધાસ્વામી ઓટો ફાઈનાન્સની ઓફીસમાં લઈ જઈ ગોંધી રાખીને મુંઢ માર માર્યો હતો. ત્યારબાદ પ્રકાશભાઈનું મોટરસાઈકલ તેમના ઘરેથી મંગાવીને પ્રકાશભાઈ વર્માને છોડી મુક્યા હતા. ત્યારબાદ પ્રકાશભાઈ ઘરે આવ્યા બાદ મુઢ માર મારવાના કારણે તેમનું મોત નિપજ્યું હતું.

## પાટણમાં નાડોદા રાજપુત સમાજના નવીન સ્કુલ મકાનનું ઉદ્ઘાટન

પાટણ, તા. ૧૫

ઉત્તર ગુજરાત નાડોદા રાજપુત સમાજ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા સ્કુલના નવીન મકાન માટે અજમલભાઈ ગાંડાભાઈ આચાર્ય, દાઉદપુરવાળા હાલ ગાંધીનગર તરફથી રૂા. ૧૧,૫૧૦૦૦નું દાન મળેલ છે. જે બિલ્ડીંગનું ઉદ્ઘાટન તા. ૨૬ મેના રોજ વિધાનસભાના અધ્યક્ષ વજુભાઈવાળાના અધ્યત્ર સ્થાને યોજાશે. ઉદ્ઘાટન વિધિ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા કરશે. ગૃહરાજયમંત્રી રજનીભાઈ પટેલ, લીલાધરભાઈ વાઘેરા, મહેસાણા ડિસ્ટ્રીકટ બેંક મહેસાણાના નટુભાઈ પટેલ હાજર રહેશે.

સંસ્થા તરફથી બેંક રોડના ખર્ચ અક્ષયવાડીનું નિર્માણ થનાર છે. જેમાં લગ્નવાડી, મીની સોમનાથ, સત્સંગ હોલ થશે. આ પ્રસંગે મોટા પદાધિકારીઓ, દાતાઓ, સમાજના અગ્રણીઓ હાજર રહેશે. પ્રમુખ રામસિંહ રાજપુત તથા હરિભાઈ પટેલ તરફથી જણાવેલ છે.

## તબીબી અભ્યાસક્રમો..

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદ્યાર્થીઓ પાસેથી ગ્રામ્ય વિસ્તારમાં ત્રણ વર્ષની સેવાઓ માટે રૂ. ૫ લાખના બોન્ડ લેવાશે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યની તમામ મેડીકલ, ડેન્ટલ તેમજ પેરા મેડીકલ અભ્યાસક્રમોની એન.આર.આઈ. બેઠકો ઉપર પ્રવેશ કાર્યવાહી પણ એક જ તારીખે અને એક જ સ્થળે કેન્દ્રીય પ્રવેશ સમિતિની દેખરેખ હેઠળ સબંધિત ખાનગી કોલેજના મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવશે.

મંત્રીશ્રી પટેલે મેડીકલ અને પેરામેડીકલના પી.જી. અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે રાજ્યમાં મેડીકલ અને ડેન્ટલ પી.જી. અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની કાર્યવાહી સબંધિત યુનિવર્સિટીઓ દ્વારા નિયમો મુજબ કરાશે. ઉપરાંત સરકારી મેડીકલ કોલેજો ખાતે પી.જી. મેડીકલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રાજ્ય સરકારની હોસ્પિટલોમાં ત્રણ વર્ષની સેવા આપવા રૂ. ૧૦ લાખના બોન્ડ લેવાશે.

## ભડિયાદ પીરના દર્શનાર્થે ઉમરેઠથી મેદની રવાના

ઉમરેઠ, તા. ૧૫

આણંદ જિલ્લાના ઉમરેઠ નગરથી પીર ભડીયાદ જવા માટે પ્રતિવર્ષની જેમ આજ રોજ સવારે કસ્બા પીપળી પાતાગોળ દરગાહ ખાતેથી જનમેદની રવાના થઈ હતી. આ મેદની નડીયાદ, ખેડા, ધંધૂકા, લીંબડી થઈને મુચાંદ ૧૦ના રોજ ભડિયાદ પહોંચશે. ગુજરાતના ભાલ પંથકમાં આવેલ ભડીયાદ ગામે પીર મહેમૂદ શાહ બુખારીની દરગાહ શરીફ આવેલ છે અને રજબાના ૧૦, ૧૧ ચાંદે ઉર્સ મનાવવામાં આવે છે. જેમાં હજારો શ્રદ્ધાળુઓ આવે છે. લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ આ ઉર્સમાં ઉમટી પડે છે. અને દાદાના દરબારમાં હાજરી આપી ધન્યતા અનુભવે છે.

પીર મહેમૂદ શાહ બુખારીએ માનવતા અને સત્યના ખાતર શહીદી વ્હોરી હતી. તેમનું ધડ મુબારક ભડીયાદ ખાતે છે અને શરમુબારક ધંધુકા ખાતે દરગાહ શરીફમાં છે. શ્રદ્ધાળુઓ શરમુબારક દરગાહ પહોંચી પોતાની મનોકામના પૂર્ણ થવાની દુવાઓ માંગે છે ત્યારે આ વખતે પણ ઉમરેઠથી અસંખ્ય મુસ્લિમ બિરાદરો નડીયાદ, ખેડા, ધંધૂકા, લીંબડી થઈને ભડિયાદ જવા રવાના થઈ ગયા છે. જયાં શ્રદ્ધાળુઓને તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે.

## ઈલોલના બે હજયાત્રીઓ સાથે છેતરપીંડી થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામના બે વ્યક્તિઓને પાંચ મહિના પહેલા અમદાવાદના બે ઈસમો હજ પઢવા માટેની ટીકીટની રકમ અને પાસપોર્ટ લઈને હજ ઉમરાહ નહિ કરાવતા હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે બે વિરૂદ્ધ મંગળવારે સાંજે ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ ઈલોલના પહાડીયા વિસ્તારમાં રહેતા ઈબ્રાહીમભાઈ સુલેમાનભાઈ દાંત્રોલીયા અને અન્ય એક એમ બે વ્યક્તિઓના ઘરે ૯મી જાન્યુઆરી-૨૦૧૩ને ૧૨ વાગે અમદાવાદના જમાલપુર રહીશ અને બલ્બેક હજ કોર્પોરેશન માલિક નાશીરભાઈ અબ્દુલભાઈ શેખ આવ્યા હતા અને હજ ઉમરાહ કરવલા માટેના એકના રૂપિયા ૩૫ હજાર એમ બે વ્યક્તિઓના ૭૦ હજાર અને બે પાસપોર્ટ લઈ ગયા હતા પરંતુ બંને વ્યક્તિઓને હજ ઉમરાહ કરાવી ન હતી તેથી ઈબ્રાહીમભાઈ સુલેમાનભાઈ દાંત્રોલીયાએ મંગળવારે સાંજે હિંમતનગર ગ્રામ્ય પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે નાશીરભાઈ અબ્દુલભાઈ શેખ વિરૂદ્ધ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


## ગાંભોઈ ત્રણ રસ્તા પરથી સગીરાનું અપહરણ થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ગાંભોઈ ત્રણ રસ્તા પરથી જીપમાં સગીરાનું હિંમતનગરના એક યુવાને ૧૦ દિવસ પહેલા અપહરણ કરી લઈ જતા ગાંભોઈ પોલીસમથકે બુધવારે સવારે ફરિયાદ નોંધાઈ હતી.

ગાંભોઈ પોલીસમથકના પીએસઓ ભગવાનદાસે જણાવેલ કે ભિલોડાના ગોવિંદનગરના રહેવાસી અને હાલ ગાંભોઈ વીજ કચેરી પાસે ખુલ્લામાં રહેતા છોટાબેન ખેંગારનાથ મદારીની સગીરવયની ૧૩ વર્ષીય દીકરીને ગત ૬મે ના રોજ સવારે ૮ વાગેના સમયે ગાંભોઈ ત્રણ રસ્તા પરથી જીપમાં હિંમતનગરના મોડર્ન હાઈસ્કૂલ પાસે રહેતો યુવાન ચેનતભાઈ પરમાનંદભાઈ વાઘરી લઈ ગયેલ જે અંગે દીકરીની માતાએ ગુરુવારના રોજ સવારે ફરિયાદ નોંધાવતા પોલીસે ચેતનભાઈ પરમાનંદભાઈ વાઘરી વિરૂદ્ધ અપહરણનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૦૬૫



### આડી ચાવી

૧. એક ટાઈમ જમીને સતત કરાતા ઉપવાસ (૪)
૪. કોથમીર, ધાણા (૩)
૬. ઝૂરાપો (૩)
૭. ... ચડાવવો, જુસ્સો લાવવો (૨)
૮. સીસોટી (૨)
૧૦. ... કરવી જવું, પચાવી પાડવું (૩)
૧૧. અવાજ, શોર (૨)
૧૩. તુમ્બડી, વાટકા જેવું ભિક્ષાપાત્ર (૩)
૧૪. કૃષ્ણનું બાળપણ અહીં વીત્યું (૩)
૧૬. કયાસ (કાઢવો), ... લેવો (૨)
૧૮. ઝેર, વિષ (૨)
૧૯. નુકશાનકારક (૪)
૨૧. પાણી... છે? પીવાની ક્રિયા (૨)
૨૨. વાટકા, કટોરા (૩)
૨૩. હાંકી કાઢવું તે (૫)

### ઊભી ચાવી

૧. વિશ્વાસ (૪)
૨. કમર, કેડ (૨)
૩. ... પુરવી, હોંકારો ભણવો (૩)
૪. મનને હરી લે તેવું (૪)
૫. જેલ, કેદખાનુ (૩)
૯. મજાક (૩)
૧૨. વગોવણી કરવી (૪)
૧૫. ખોળો, ગોદ (૨)
૧૬. તાકવાનું સ્થળ-જગ્યા (૨)
૧૭. ખીણ, દુઃખની... માં ધકેલવું (૨)
૧૯. અસ્થિ (૩)
૨૦. ... કરવો, કાઢી નાખવું (૩)
૨૧. સમજુ, વડીલ (૨)
૨૨. ... ખૂબ સરસ જેવો ઉદ્ગાર (૨)

### શબ્દાવલી ૫૦૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) કસ્તુરબા (૩) વામણુ (૫) રીજવાણી (૭) કશમકશન (૧૧) ડુક્કર (૧૨) નજરાણુ (૧૪) રજો (૧૬) દસકો (૧૯) ખભા (૨૧) લાશા (૨૩) ડચકારવું (૨૫) પખાળવું (૨૬) મલક

**ઊભી ચાવી :-** (૧) કચકડુ (૨) બારીક (૩) વાવ (૪) મણી (૬) જશન (૮) શક્કર (૯) મરજાદ (૧૦) ટાણુ (૧૩) જમ (૧૫) વિલાપ (૧૭) સડવુ (૧૮) કોચ (૧૯) ખરલ (૨૦) ભાવુક (૨૨) શાખા (૨૪) કામ

ટચૂકડી જાહેર ખબર

**વેચાણ**

**પ્લોટ તથા ફ્લેટ વેચવાના છે**

સે.૨૮માં ઘ-૬ કોર્નર, ૨૦૦ મીટરનો પ્લોટ તથા સે.૪ડીમાં ફ્લેટો

ફોન : ૯૮૨૫૮ ૦૫૧૪૧

IITE
**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION**
RamKrishna Paramhans Education Complex,
KH-Road, Secotr-15, Gandhinagar-382016

**૨૦૧૩-૨૦૧૪ પ્રવેશ જાહેરાત**

ધોરણ-૧૨ પછી ચાર વર્ષના સુગ્રથિત (ઈન્ટીગ્રેટેડ) નિવાસી (રેસીડેન્સીયલ) અભ્યાસક્રમના આગામી શૈક્ષણિક વર્ષ (૨૦૧૩-૧૪)માં પ્રવેશ માટે અરજી કરવા ઈચ્છુક ધોરણ-૧૨ પાસ કે આ વર્ષે ધોરણ-૧૨ની પરીક્ષામાં બેઠા હોય તેવા વિદ્યાર્થી ભાઈ-બહેનો પાસેથી પ્રવેશ માટેની અરજીઓ સ્વીકારવામાં આવે છે. ઉત્તમ શિક્ષકોના સર્જન માટે તથા શિક્ષણના વિવિધ ક્ષેત્રોમાં ઉત્તમ કારકિર્દી બની શકે તે હેતુ ગુજરાત સરકાર દ્વારા પ્રસ્થાપિત દેશની આ સ્વરૂપની પ્રથમ યુનિવર્સિટીમાં B.A. B.Ed. & B.Sc. B.Ed.નો અભ્યાસક્રમ હાલમાં ચાલે છે. નવી બેચ જુલાઈ-૨૦૧૩થી શરૂ થશે. પ્રવેશ પરીક્ષાના માધ્યમથી પ્રવેશ અપાશે. www.iite.ac.in ઉપરથી ડાઉનલોડ કરીને ટપાલથી પ્રવેશ માટેની અરજી તા. ૧૫/૬/૨૦૧૩ સુધીમાં ઉપરના સરનામે મળે તે રીતે મોકલી આપવાની રહેશે.

કુલસચિવ
આઈઆઈટીઈ

માહિતી/૩૨૪/૧૩-૧૪